નં:-જીઆઈડીસી/વિત/તબદ/પોલીસી/૩૧/ /૦૬/ ૨૮
જી.આઈ.ડી.સી, વડી કચેરી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
તા.૦૮/ ૧૧ / ૨૦૦૬.

**વંચાણમાં લીધું:-**
(૧)પરિપત્ર નં.જીઆઈડીસી/કા.પ/પરિપત્ર/વિતરણ/પોલીસી/૩૧/૧૫૯/૯૨ તા.૧૬/૦૩/૧૯૯૨.
(૨) પરિપત્ર નં.ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/૧(ફ)૩૧/૬૬૫/૯૬ તા.૧૦/૦૯/૧૯૯૬.

ઉપરોક્ત પરિપત્રો દ્વારા નિગમની વસાહતમાં ફાળવેલા પ્લોટ, શેડ કે મિલકતોની તબદિલીના ઉપસ્થિત થતા પ્રસંગો અંગેના પ્રકારો / કક્ષા નકકી કરવામાં આવ્યા છે, તે અનુસાર લોહીના સબંધો ધરાવતી કુટુંબના સભ્યો વચ્ચેથી વચ્ચે અંદરો અંદર થતી તબદિલીના કિસ્સામાં કોઈ તબદિલી ફી લેવાપાત્ર થશે નહી તેવો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ પરિપત્રો દ્વારા કુટુંબના સભ્યોની વ્યાખ્યા નીચે પ્રમાણે રજુ થઈ છે.

(ક) દાદાથી પ્રપૌત્ર તથા અવિવાહીત પ્રપૌત્રી તથા તેનાથી ઉલટુ
(ખ) પિતાથી પુત્ર કે અવિવાહીત પુત્રી કે તેનાથી ઉલટું
(ગ) સકસેશન એક્ટ હેઠળ કાયદેસરના કોઈપણ વારસદારોની તરફેણમાં થતી તબદિલીઓ
(ઘ) પતિ ધ્વારા પત્નીની તરફેણમાં કે તેથી ઉલટું
(ચ) સગાભાઈ ધ્વારા સગા ભાઈની તરફેણમાં
(છ) સગાભાઈ ધ્વારા સગાભાઈની પત્ની એટલેકે ભાભીની તરફેણમાં અને તેથી ઉલટું
(જ) માતા ધ્વારા પુત્ર કે વિવાહિત પુત્રીની તરફેણમાં કે તેનાથી ઉલટું
(ઝ) મૂળ ફાળવણીદારના અવિભક્ત કુટુંબ દ્વારા તેના પુત્ર કે અવિવાહિત પુત્રીની તરફેણમાં
(ટ) અવિવાહીત બહેન, અવિવાહીત પ્રપૌત્રી, પુત્રવધુ ને પ્રપૌત્ર, પ્રપૌત્ર વધુની
તરફેણમાં થતી તબદિલી કે તેનાથી ઉલટુ

ઉપરોક્ત વિવિધ પ્રકારની તબદિલીના કિસ્સાઓમાં કુટુંબના અવિવાહીત સ્ત્રી સભ્યને કુટુંબની વ્યાખ્યામાં સમાવવામાં આવ્યા છે. (જ્યારે વિવાહીત સ્ત્રી સભ્યને કુટુંબની વ્યાખ્યામાં સમાવવામાં આવ્યા નથી તેથી તેઓની તરફેણની તબદિલીના કિસ્સાઓમાં તબદિલી ફી વસુલ મેળવવાપાત્ર બને) વધુમાં સકસેશન એક્ટ હેઠળ કાયદેસરનો કોઈપણ વારસદારોની તરફેણમાં થતી તબદિલીને કૌટુંબીક તબદિલી ગણી છે.

૫ હિન્દુ સકસેશન એક્ટ, ૧૯૫૬ માં સને-૨૦૦૫ માં થયેલ સુધારા અનુસાર કુટુંબની મિલકતમાં પુત્ર કે પ્રપૌત્ર જેવા જ હકક માટે પુત્રી કે પ્રપૌત્રીને હકદાર જણાવ્યા છે તેમાં વિવાહીત કે અવિવાહત પુત્રી કે પ્રપૌત્રી જેવા ભેદ ગણાવ્યા નથી. આ સંજોગોમાં કુટુંબના સભ્યોની ઉપરોક્ત વ્યાખ્યામાં જ્યાં અવિવાહીત પુત્રી કે પ્રપૌત્રી " ઉલ્લેખ છે તે સ્થાને " પુત્રી કે પ્રપૌત્રી " ધ્યાને લેવાનું રહેશે. કુટુંબના સભ્યો અંગેની આ પ્રકારની તબદિલીના કિસ્સાઓમાં

તબદિલી ફી વસુલ મેળવવાની રહેશે નહી. આ સૂચનાઓને અનુલક્ષીને તબદિલીના કિસ્સાઓમાં કાર્યવાહી કરવા તમામ વિતરણ અધિકારીઓને આથી સૂચના આપવામાં આવે છે.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીઓ તરફ.

રવાના કર્યું.
મેનેજર(મહેકમ)